# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-01-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*****************************************************

1) કેન્દ્ર સરકારે આદિજાતિ સમુદાયના સમાન અધિકારો સુનિશ્ચિત કરતી પ્રધાનમંત્રી જનમન યોજનાને અમલમાં મૂકી.

2) કેન્દ્ર સરકારના ડિજીટલ વ્યક્તિગત સંરક્ષણ નિયમો 2025ના મુસદ્દામાં નાગરિકોની માહિતી અને તેમના અધિકારોનું રક્ષણ કરવાની જોગવાઇ

3) કેન્દ્ર સરકારે યોગ્ય નીતિ માળખા સાથે શહેરી વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવી

4) દેશના પરમાણુ કાર્યક્રમના મુખ્ય શિલ્પકાર અને વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો.રાજગોપાલ ચિદમ્બરમનું આજે મુંબઇમાં અવસાન થયું

5) ગુજરાતમાં અંતરિયાળ અને સ્થાનિક પ્રતિભાઓને મંચ પુરૂ પાડતા ત્રીજા ખેલ મહાકુંભનો આજથી આરંભ થયો

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NEW PM-GRAMEEN MAHOTSAV

કેન્દ્ર સરકારે આદિજાતિ સમુદાયની વસતી ધરાવતા વિસ્તારોમાં સમાન અધિકારો સુનિશ્ચિત કરતી પ્રધાનમંત્રી જનમન યોજનાને અમલમાં મૂકી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ યોજનાનો શુભારંભ કરાવતાં જણાવ્યું હતું કે તેમની સરકાર ગ્રામીણ વિસ્તારોના વિકાસ સાથે દેશના વિકાસને આગળ ધપાવી રહી છે.

આજે દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ગ્રામીણ ભારત મહોત્સવનો શુભારંભ કરાવતા તેમણે વધુમાં કહ્યું કે તેમની સરકાર ગ્રામીણ વિસ્તારોને વિકાસ અને તકના નવા કેન્દ્રો બનાવીને અધિકાર સંપન્ન ગ્રામીણ ભારતનું ધ્યેય હાંસલ કરી રહી છે. આ પ્રસંગે ગ્રામીણ વિકાસમાં નાબાર્ડના યોગદાનની પ્રશંસા કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે...

**(બાઇટ- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, નાબાર્ડ)**

આના ભાગરૂપે કેન્દ્ર સરકારે દરેક ગામમાં પાયાની સુવિધાઓ વિકસાવવાનો આરંભ કર્યો છે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ગ્રામીણ ક્ષેત્રોના કલા કસબીઓ સાથે સંવાદ કર્યો હતો.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કેન્દ્રની એનડીએ સરકાર દ્વારા વિવિધ વર્ગની પ્રગતિ માટે શરૂ કરેલી વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. આ મહોત્સવ દેશના ગ્રામીણ વિસ્તારોની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસાનો પરિચય આપવાની સાથે સાથે આ ક્ષેત્રની મહિલા ઉદ્યોગ સાહસિકોને સશક્ત બનાવવાનું ધ્યેય ધરાવે છે.

. . . . . . . . . . . . . . . .

# ASHWINI DATA PROTECTION RULES

કેન્દ્ર સરકારે જાહેર કરેલા ડિજીટલ વ્યક્તિગત સંરક્ષણ નિયમો 2025ના મુસદ્દામાં નાગરિકોની માહિતી અને તેમના અધિકારોનું રક્ષણ કરવાની જોગવાઇ છે.

કેન્દ્રીય માહિતી ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આકાશવાણી સમાચાર સાથેની ખાસ મુલાકાતમાં જણાવ્યું હતું કે આ મુસદ્દામાં ત્રણ મુખ્ય જોગવાઇઓ છે. જેમાં નાગરિકની વ્યક્તિગત માહિતીનું રક્ષણ થાય, બાળકોને સંભવિત ડિજીટલ ખતરાથી રક્ષણ આપવું અને નાગરિકો પોતાના અધિકારોનો સરળતાથી ઉપયોગ કરી શકે જેવી મહત્વની બાબતોનો સમાવેશ કરાયો છે.

શ્રી વૈષ્ણવે કહ્યું કે સુચિત નિયમો વ્યવહારુ અને સંતુલિત છે. સરકારે આ નિયમોની મદદથી દેશની નવકલ્પના વ્યવસ્થા અને નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવામાં સંતુલન સાધ્યું છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે ડિજીટલ વ્યક્તિગત માહિતી સંરક્ષણ ધારાના સરળતાથી અમલીકરણ માટે માહિતી ટેક્નોલોજી મંત્રાલયે ડિજીટલ વ્યક્તિગત સંરક્ષણ નિયમો 2025ની રચના કરી છે. સંબંધિતો સૂચિત ધારાના મુસદ્દા અંગે પોતાના પ્રતિભાવો રજૂ કરી શકે છે.

. . . . . . . . . . . . . . . .

**NEW SHAH-SUSHMA HOSTEL**

કેન્દ્ર સરકારે યોગ્ય નીતિ માળખા સાથે શહેરી વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે દિલ્હીમાં મહિલાઓ માટેના હોસ્ટેલ "સુષ્મા ભવન"નું ઉદ્ઘાટન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

**(બાઇટ- અમિત શાહ, સુષ્મા સ્વરાજ અંગે )**

તેમણે વધુમાં જણાવ્યું  કે શહેરી વિકાસ નીતિમાં મેટ્રો રેલવે, ઇલેક્ટ્રીક વાહનો, સૂર્યઘર યોજના જેવી યોજનાઓને કેન્દ્રમાં રાખવામાં આવી છે.

શ્રી શાહે રાષ્ટ્રીય સ્માર્ટ સીટી મિશન હેઠળ આવરી લેવાયેલા શહેરોમાં નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા સીસીટીવી સહિત અપાયેલી વિવિધ સુવિધાઓની વિગતો આપી હતી. તેમણે કહ્યું કે નાગરિકોની સલામતી વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા ભવિષ્યમાં કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ કરાશે.

ગૃહમંત્રીએ દિલ્હી શહેરની સમસ્યાઓ માટે આપ પક્ષના વહીવટને જવાબદાર ગણાવ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

. . . . . . . . . . . . . . .

## Dr. CHIDAMBARAM-PASSED AWAY

દેશના પરમાણુ કાર્યક્રમના મુખ્ય શિલ્પકાર અને વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો.રાજગોપાલ ચિદમ્બરમનું આજે મુંબઇમાં અવસાન થયું છે. તેઓ 88 વર્ષના હતાં. ભારતે વર્ષ 1974 અને 1998મા પોખરણ ખાતે હાથ ધરેલા સફળ પરમાણુ પરિક્ષણમાં ડો.ચિદમ્બરમે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સફળ પરિક્ષણના પગલે ભારતે વિશ્વના પરમાણુ દેશોના જૂથમાં સ્થાન મેળવ્યું હતું. ડો.ચિદમ્બરમે દેશના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર, ભાભા પરમાણુ સંશોધન કેન્દ્રના નિયામક અને પરમાણુ ઊર્જાપંચના અધ્યક્ષ તરીકે પણ કામગીરી કરી છે. વર્ષ 1975માં તેમને પદ્મશ્રી અને વર્ષ 1999મા તેમને પદ્મવિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો.રાજગોપાલ ચિદમ્બરમના અવસાન અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરીને તેમને અંજલી આપી છે. પ્રધાનમંત્રીએ દેશના પરમાણુ કાર્યક્રમના મુખ્ય શિલ્પકાર તરીકે ઓળખાવીને કહ્યું કે દેશની વૈજ્ઞાનિક અને વ્યૂહાત્મક ક્ષમતા વધારવામાં ડો.ચિદમ્બરમનું યોગદાન હંમેશા યાદ રહેશે.

. . . . . . . . . . . . . . .

## REV. JITENDRA SINGH-DSIR

કેન્દ્ર સરકાર મહિલા કેન્દ્રીત સંશોધન અને વિકાસના કાર્યક્રમોને અગ્રતા આપી રહી છે. કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી જીતેન્દ્ર સિંહે દિલ્હીમાં વિજ્ઞાન અને ઔદ્યોગિક સંશોધન વિભાગ - DSIR ના 40મા સ્થાપના દિવસનીસ ઉજવણીમાં સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં DSIR સંસ્થાના વિવિધ સંશોધન અને નવતર પહેલોનો કાર્યક્રમો દ્વારા પરિચય આપવામાં આવ્યો હતો. આ સંસ્થા ઔદ્યોગિક ક્ષેત્રના સંશોધનને ટેક્નોલોજીનો વિકાસ અને ઉપયોગ દ્વારા પ્રોત્સાહન આપે છે.

. . . . . . . . . . . . . . . .

## PRADHAN-SAMAROH

કેન્દ્ર સરકારે શિક્ષણ ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ વધારવા માટે વધુ ભંડોળ ફાળવવા વિચારણા હાથ ધરી છે.

આજે દિલ્હી યુનિવર્સિટીમાં સમર્પણ સમારોહનું ઉદ્દઘાટન કરતાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું કે ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓની દિલ્હી યુનિવર્સિટી પહેલી પસંદગી રહી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભવિષ્યમાં આ યુનિવર્સિટી જ્ઞાન આધારિત અર્થતંત્રના વિકાસમાં મહત્વનું યોગદાન આપશે.

આ પ્રસંગે શિક્ષણમંત્રીએ સશક્ત બેટી અને ઇ-દ્રષ્ટિ પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો હતો અને વિદ્યાર્થીઓને લેપટોપ અને ટેબ્લેટ એનાયત કર્યા હતા.

. . . . . . . . . . . . . .

## CM KHEL MAHKUMBH

ગુજરાતમાં અંતરિયાળ અને સ્થાનિક પ્રતિભાઓને મંચ પુરૂ પાડતા ત્રીજા ખેલ મહાકુંભનો આજથી આરંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ ખાતેથી ખેલ મહાકુંભનો આરંભ કરાવતા કહ્યુ હતું કે ખેલ મહાકુંભે અનેક રમતવીરોને આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાનો અવસર પ્રદાન કર્યો છે. તેમણે કહ્યું હતું કે, રમત ગમતને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે પહેલા ખેલ મહાકુંભમાં આશરે 13 લાખ રમતવીરોએ ભાગ લીધો હતો અને હવે 71 લાખથી વધુ રમતવીરો ખેલ મહાકુંભમાં ભાગ લઇ રહ્યા છે.

સત્તાવાર યાદી મુજબ 9 થી 60 વર્ષ વયજૂથના રમતવીરો 39 સ્પર્ધાઓમાં ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે દિવ્યાંગ રમતવીરો માટે ખાસ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે.

. . . . . . . . . . . . .

## REV. EVE. FOOTBALL

ઓડિશાના ભુવનેશ્વરમાં રમાઇ રહેલી ઇન્ડિયન સુપર લીગ સ્પર્ધાની મેચમાં ગોવાએ ઓડિશાને 4-2 ગોલથી પરાજય આપ્યો છે. ગોવાના બ્રિસન ફર્નાન્ડીઝે બે જ્યારે ઉદંતસિંહ અને અમેય રણવડેએ દરેકે 1-1 ગોલ નોંધાવ્યા હતા.

. . . . . . . . . . . . . . .

## REV BIHAR PRAKASH PARV

10મા શીખ ગુરુ ગોવિંદ સિંહજીની 358મી જન્મજયંતી નિમિત્તે પ્રકાશ ઉત્સવની ત્રણ દિવસની ઉજવણીનો આજે સવારે બિહારના પટના ખાતેના તખ્ત શ્રી હરિમંદિર સાહિબ ખાતે પ્રારંભ થયો. તખ્ત શ્રી હરિમંદિર સાહિબ ખાલસા પંથના સ્થાપક ગુરુ ગોવિંદ સિંહજીનું જન્મસ્થળ છે. પ્રકાશ ઉત્સવના ભાગરૂપે આજે સવારે પ્રભાત ફેરીનું આયોજન થયું હતું. એવી જ રીતે આજે રાત્રે 9 વાગે ભક્તિ કાવ્યના કવિ દરબારનું આયોજન થશે. દેશ-વિદેશથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉજવણીમાં ભાગ લેવા પટના સાહિબ પહોંચી રહ્યા છે.

દરમિયાન પંજાબના અમૃતસર ખાતેના શ્રી હરમંદિર સાહેબ ખાતે શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિ દ્વારા નગર કીર્તનનું આયોજન કરાયું હતું.

. . . . . . . . . . . . . . .

# BJP CANDIDATE LIST

ભાજપે દિલ્હી વિધાનસભાની આગામી ચૂંટણીમાં પક્ષના ભૂતપૂર્વ સાંસદ પ્રવેશ વર્માને આપના વડા અરવિંદ કેજરીવાલની સામે ઉભા રાખવાનો નિર્ણય લીધો છે. એવી જ રીતે પક્ષના રમેશ બિધુડી કાલકાજી વિધાનસભા બેઠક પરથી દિલ્હીના મુખ્યમંત્રી અને આપ પક્ષના આતિશી સામે ચૂંટણી લડશે.

ભાજપે દિલ્હી વિધાનસભાની આગામી ચૂંટણી માટે 29 ઉમેદવારોની યાદી જાહેર કરી છે.  આ યાદી મુજબ દિલ્હી ભાજપના ભૂતપૂર્વ વડા સતીષ ઉપાધ્યાય માલવિયાનગર બેઠક પરથી આપના નેતા કૈલાશ ગેહલોત સામે, અરવિંદર સિંહ લવલી  ગાંધીનગર વિધાનસભા બેઠક પર, અને ભાજપના મનજીન્દરસિંહ સિરસા રાજૌરી ગાર્ડન બેઠક પરથી ચૂંટણી લડશે.

. . . . . . . . . . . . . . . .